## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વિદ્યાર્થીઓ તમને તો સારી રીતે જાણું છું... પરંતુ રીઝલ્ટ બાદ તમે તમારા પેરેન્ટ્સ ડિપ્રેશનમાં ન આવે... આપઘાતનો પ્રયાસ ન કરે તે ધ્યાન રાખવું તમારી ફરજ રહેશે...

# અમદાવાદ સિવિલમાં ડોક્ટર્સની હડતાલને પગલે ગાંધીનગરથી રીફર કરાયેલા દર્દીઓ પરત આવ્યા

## બપોર બાદ અમદાવાદના ડોક્ટર્સની હડતાલ સમેટાઈ

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પાર્કિંગમાં જુનિયર તબિબ પર કરવામાં આવેલા હુમલાને પગલે ૭૦૦ જેટલા જુનિયર રેસીડન્ટ તબિબો હડતાલ પર ઉતરી ગયા હતા. સિવિલમાં તબિબોની સલામતીને લઈ પ્રશ્નો ઉઠ્યા છે. ત્યારે આજે બપોર સુધી જુનિયર તબિબોની હડતાલ ચાલી હતી. જેને પગલે અમદાવાદ સિવિલ સહિત અન્ય હોસ્પિટલની પણ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી હતી. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ સિવિલ રીફર કરાયેલા દર્દીઓને પણ પરત ફરવાનો વારો આવ્યો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સવારથી બપોર સુધીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી સાત જેટલા દર્દીઓ અમદાવાદ સિવિલના ટ્રોમાં સેન્ટર તેમજ યુ.એન.મહેતામાં રીફર કરાયા હતા. જયાં પુરતા પ્રમાણમાં ડોક્ટર્સ નહીં હોવાથી મોટાભાગના દર્દીઓને ત્યાંથી પરત લઈ જવા માટે ત્યાં ફરજ પરના ડોક્ટરોએ કહ્યું હતું. જેના કારણે ગાંધીનગર સિવિલની એમ્બ્યુલન્સના ડ્રાઈવર દર્દીઓને લઈને અમદાવાદથી સારવાર કરાવ્યા વગર પરત ફર્યા હતા. જો કે બપોરે દર્દીઓને પરત આવવાનો સિલસિલો ચાલુ રહેતા ગાંધીનગરના ડોકટરોને પણ અહીં જ સારવાર આપવા માટે સુચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે બપોર બાદ અમદાવાદ સિવિલમાં રેસીડન્ટ ડોક્ટરોની હડતાલ સમેટી લીધી હતી.દર્દીઓના સગાઓ તરફથી વારંવાર તબિબોને મારવાની ઘટના બનતી રહે છે.ત્યારે આવી ઘટના રોકવા તબિબોએ પોલીસ રક્ષણની માંગ કરી છે.

# ડભોડામાં યુવા ભાજપે છાશનું વિતરણ કર્યું



ગાંધીનગર, તા. ૨૬

ઉનાળામાં કાળઝાળ ગરમીમાં ભાજપના કાર્યકરો દ્વારા ગાંધીનગર જિલ્લામાં જુદા જુદા સ્થળોએ છાશનું નાગરિકોને વિતરણ કરવામાં આવી રહ્યું છે. ભાજપ યુવા મોરચાના કાર્યકરો દ્વારા આજે ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડૉ. ઋત્વીજ પટેલ હાજર રહ્યા હતા.

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વીજ પટેલ સહિત કાર્યકરોએ કાર્યક્રમના આરંભે ડભોડા સ્થિત ડભોડિયા હનુમાન દાદાના દર્શન કરી પ્રાર્થના કરી હતી અને મોદી સરકારના ચાર વર્ષ જેવા લાભદાયી અને ફળદાયી રહ્યા એવા આવનારા તમામ વર્ષો પ્રજા હિતલક્ષી કાર્યોમાં વ્યતિત થાય તથા નાગરિકોનો વિશ્વાસ અને સ્નેહ આમ જ મળતો રહે તેવી દેવ સમક્ષ પ્રાર્થના કરી હતી. બાદમાં મોટી સંખ્યામાં કાર્યકરો છાશ વિતરણના કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં અંદાજે ૯૦૦થી વધારે લીટર છાશનું ગ્રામજનો અને નાગરિકોને વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરમાં કોંગ્રેસ દ્વારા વિશ્વાસઘાત દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૨૬

સમાજના તમામ વર્ગો આજે એવું માનતા થયા છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણી સાથે વિશ્વાસઘાત કર્યો છે અને પ્રજાની પીઠમાં ખંજર ભોંક્યું છે. નિષ્ફળ વાયાદાઓનો સફળ વેપાર કરનારી ભાજપ સરકાર આવ્યા પછી બંધારણીય સંસ્થાઓને તોડવાનું કામ થયું છે. દેશની અંદર મોંઘવારીએ માઝા મુકી છે. પેટ્રોલ-ડીઝલનો ઐતિહાસિક અને કમરતોડ ભાવ વધારો થયો છે. બેરોજગારીનું પ્રમાણ રોજબરોજ અતિ ઊંચા પ્રમાણમાં વધી રહ્યું છે જેથી યુવાનોમાં હતાશા વ્યાપી છે. દેશમાં ખેડૂતો પણ ખૂબ મુશ્કેલીમાં મૂકાયા છે. સમગ્ર દેશમાં અફરાતફરીનો માહોલ ઉભો થયો છે. વેપારીઓના વેપાર ધંધા પણ પડી ભાંગ્યા છે.

આવા સંજોગોમાંથી દેશ પસાર થતો હોય ત્યારે સબળ વિપક્ષ તરીકે કોંગ્રેસ પક્ષ દ્વારા લોકોના પ્રશ્નોને વાચા આપવી એ સામાજીક જવાબદારી બને છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ રાહુલ ગાંધીએ તા. ૨૬મી મે, ભાજપના કેન્દ્રીય શાસનના ચાર વર્ષ પૂર્ણ થવાના દિવસને "વિશ્વાસઘાત દિવસ" તરીકે જાહેર કર્યો છે. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો-કાર્યકરોએ સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે ભાજપના ૪ વર્ષના વિશ્વાસઘાતી શાસન સામે કાળી પટ્ટી ધારણ કરી અને સૂત્રોચ્ચાર કરીનેને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમજ ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા કારને ધક્કા મારીને અસહ્ય પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

કાર્યકરો અને આગેવાનોએ કૃષિ વિષયક આપત્તિ, અત્યંત બેરોજગારી અને નોકરીઓનો અભાવ, ભયગ્રસ્ત બનેલી રાષ્ટ્રીય સુરક્ષા, મોદિનોમીકસથી સદંતર નિષ્ફળ બનેલ અર્થતંત્ર, બેંકોના છેલ્લા ત્રિમાસિક પરિણામોમાં થયેલ ૫૦૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન તેમજ ખેડૂતો, શ્રમજીવીઓ, દલિતો, આદિવાસીઓ, લઘુમતિઓ, બાળકો, મહિલાઓ અને બેકાર યુવાનો પર થતા અત્યાચારો કરનાર મોદી સરકારની ઝાટકણી કાઢી હતી. તદુપરાંત તેમણે વિરાટ કોહલીની ફિટનેસ ચેલેંજ સ્વીકારનાર વડાપ્રધાન મોદી કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાની ચેલેન્જનો સ્વીકાર કરે તેવી માંગ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા-શહેર કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# નગરસેવક નાઝાભાઈ દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી



શહેરના વોર્ડ નં-૬ ના નગરસેવક નાઝાભાઈ ઘાંઘરે પોતાના જન્મદિવસની ઉજવણી સાદગીપૂર્વક પોતાના વોર્ડના સફાઈ કર્મચારીઓ સાથે કરી હતી. પોતાના જન્મદિન નિમિતે સફાઈ કર્મચારીઓનું સન્માન કરીને બહેનોને સાડી ભેટ સ્વરુપે આપી હતી અને ભાઈઓનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર પાર્વતિબેન પરમાર, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ અને નાઝાભાઈના ધર્મપત્નિ સહિત પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

# આજે એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળ શાહીબાગનો દ્વિતિય મિલન સમારોહ

ગાંધીનગર, તા.૨૬

એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળ (દરિયાખાન ઘુમ્મટ, શાહીબાગ અમદાવાદ ગાંધીનગર)નો ગ્વિતિય સ્નેહમિલન સમારોહ તા. ૨૭ મે ને રવિવારના રોજ સવારે ૯ થી ૪ કલાક દરમિયાન શેઠ ખિમજી વિશ્રામ સંસ્કાર ભવન, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ કેમ્પસ સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

સમયના વહેણ સાથે એ કોલોની શાહીબાગની વર્ષ ૧૯૬૦-૭૦ની વહી ગયેલી પળોના સુખદ સંસ્મરણોને લાગણીસભર સ્પર્શ કરવાનો અમારો દ્રિતિય પ્રયાસ આપ સૌના સાથ સહકારથી શકય બની શક્યો છે. આપણા દ્વિતીય સંસ્મરણ સમારંભમાં આપણા સંસ્મરણોમાં સહભાગી રહેલા એ કોલોની વિસ્તારના હાલના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટ, ગાંધીનગર મનપાના પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાના અતિથી વિશેષ પદે આ કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમમાં ડો. અનિલ વેદ અને મિત્રોના જણાવ્યા મુજબ સવારે ૯ કલાકે ચા-નાસ્તો અને રજીસ્ટ્રેશન, સવારે ૧૦ કલાકે સંસ્મરણ કાર્યક્રમ, બપોરે ભોજન તેમજ ૨ કલાકે ગ્રુપ મીટીંગ, બપોરે ચા-પાણી તેમજ સાંજે ૪ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતી થશે.

# આજે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની સ્પર્ધાત્મક પરીક્ષા

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર આયોજીત વર્ગ-૩ કક્ષાની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની આજે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. કુલ ૪૩ જગ્યા માટે રાજયભરમાંથી ૯૩ હજાર યુવાનો આ પરીક્ષા આપશે. ગૌણ સેવા મંડળે પરીક્ષાને અનુલક્ષી તમામ તૈયારીઓ પૂર્ણ કરી નાંખી છે. સચિવાલયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વડાની કચેરી ખાતેની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી સંવર્ગની વર્ગ-૩ની સીધી ભરતી કરવા માટે સરકારે વિચારણા કરી હતી. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩ જગ્યાઓ માટે ગત ૨૪ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. રાજયભરમાંથી ૯૩ હજારથી વધારે બેરોજગાર યુવાનોએ આ પરીક્ષા માટે ઓનલાઈન ઉમેદવારી નોંધાવી હતી. દોઢ વર્ષના લાંબા સમય બાદ આખરે ગૌણ સેવા મંડળે પરીક્ષાની તારીખ જાહેર કરી હતી. ગૌણ સેવા મંડળ દ્વારા આવતીકાલ તા. ૨૭મી મે ૨૦૧૮ના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. કુલ ૩૦૦ ગુણની આ પરીક્ષા લેવાશે. જેમાં રાજયભરમાંથી ૯૩ હજારથી વધારે યુવાનો પરીક્ષા આપશે. આ પરીક્ષા અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરા જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવશે. ગૌણ સેવા મંડળે પરીક્ષાને અનુલક્ષી તમામ પ્રાથમિક તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ, છબરડા અથવા તો પેપર ફુટવાની ઘટના ન બને તે માટે મંડળના અધિકારીઓ બાજ નજર રાખી રહ્યા છે અને આ પરીક્ષા શાંતિ પૂર્ણ માહોલમાં લેવાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે.

# દારૂની હેરાફરીના ત્રણ ગુનામાં નાસતો ફરતો રીસીવર ઝડપાયો

## તાજેતરમાં જ તેની દારૂ ભરેલી ટ્રક પકડાઈ હતી : કલોલ તાલુકા પોલીસે કરી ધરપકડ

ગાંધીનગર, તા.૨૬

કલોલ હાઈવે પરની વિદેશી દારૂની હેરાફેરીના ત્રણ ગુનાઓમાં નાસતા ફરતા મુખ્ય રીસીવરને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસે દબોચી લીધો છે. પકડાયેલો બનાસકાંઠાનો પ્રતાપ આલ રીસીવર હતો. તાજેતરમાં જ તેની એક દારૂ ભરેલી ટ્રક કલોલ તાલુકા પોલીસે પકડી પાડી હતી. અગાઉ એલસીબીએ તેની ગાડી પકડી હતી તેમાં પણ તે નાસતો ફરતો હતો. આરોપીની ધરપકડ કરી લઈ ઊંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

કલોલ તાલુકા પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે ત્યારે તાજેતરમાં કલોલ



તાલુકા પોલીસે એક ટ્રક દારૂ ભરેલી પકડી હતી તે ગુનામાં રીસીવર મુખ્ય બુટલેગર પ્રતાપ ઉર્ફે પાના ગણેશ આલ (રબારી) નાસતો ફરતો હતો. બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના લવારા ગામના આ બુટલેગરને ગઈ સાંજે બાતમી આધારે શીલ્પા ચોકડી છત્રાલ પાસેથી કલોલ તાલુકા પોલીસની ટીમે પકડી પાડયો હતો. આ શખ્સની એક ગાડી એલસીબીએ પકડી હતી તે ગુનામાં પણ પ્રતાપ નાસતો ફરતો હતો. કલોલ તાલુકાના ત્રણ ગુનાઓમાં નાસતા ફરતા આ શખ્સની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના ૩૦ તારીખ સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

# ‘૧૦૨ નોટ આઉટ’ થકી વડીલાનો ઉત્સાહ બૂલંદ

ગાંધીનગર, તા.૨૬

લવારપુરના વડીલો અવારનવાર કંઈક જુદું જ કરવાની પ્રવૃત્તિ કરી પોતાનું જીવન ધબકતું રાખવાનો તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. વિમાન, લકઝરી બસ, રેલવે વગેરેની મુસાફરી કરી કોમ્પ્યુટર તાલીમ મેળવી સ્માર્ટ ફોનને આંગળીના ટેરવે ફેરવતા થયેલા આ વડીલોએ તાજેતરમાં ગાંધીનગરની મુલાકાત લીધી હતી. વડીલોના પ્રેરણાસ્ત્રોત એનઆરઆઈ રમણભાઈ પટેલે કુલ ૧૧૨ સીનીયર સીટીઝનોને



પાટનગરની સીટીબસની મુસાફરી કરાવીને થિયેટરમાં ૧૦૨ નોટઆઉટ નામનું પીકચર જોવાનો કાર્યક્રમ બનાવીને વડીલોમાં એક નવો જ જુસ્સો પેદા થાય તેવું આયોજન કર્યું હતું. ૧૦૨ નોટ આઉટમાં અમિતાભ બચ્ચનની ભૂમિકા દ્વારા વડીલોને પોતાના બાકી રહેલા શેષ જીવનને આગળ ધપાવવાનો એક નવો જ જુસ્સો પેદા થયો હતો. અને દરેક વડીલ સ્ફૂર્તિમાં જણાતા હતા. ત્યારબાદ ઉમિયા માતા હોલમાં સૌ કોઈ સાથે બેસીને જમ્યા હતા અને ૧૦૨ નોટ આઉટનો અનુભવ એક બીજા વચ્ચે વાર્તાલાપ સ્વરૂપે રજુ કરી મોજ મસ્તી સાથે લવારપુર ફર્યા હતા. ગામના વડીલોની વિવિધ પ્રવૃત્તિ જોઈ સમસ્ત ગામ પણ હાલ ગર્વનો અનુભવ કરી રહ્યું છે.

# કલોલ શહેર કોંગ્રેસ પ્રમુખનું રાજીનામું

## ધનજીભાઈ પરમારે પત્ર પ્રદેશ પ્રમુખ-જિલ્લા પ્રમુખને મોકલી આપ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસનો આંતરકલહ ચરમસીમાએ પહોંચ્યો છે. આજે કલોલ શહેર કોંગ્રેસ પ્રમુખ ધનજીભાઈ પરમારે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતો પત્ર પ્રદેશ પ્રમુખ તેમજ જિલ્લા પ્રમુખને મોકલી આપ્યો છે.

પરમારે તેમના રાજીનામાના પત્રમાં તેમની સતત કરવામાં આવી રહેલી અવગણનાને કારણે હોદ્દા પરથી રાજીનામુ સ્વૈચ્છીક રીતે આપ્યુ હોવાનું જણાવ્યુ છે. તેમણે તેમના રાજીનામાના પત્રમાં તેઓ દલિત હોવાથી અવગણના વારંવાર કરવામાં આવતી હોવાનો ઉલ્લેખ કર્યો છે એટલુ જ નહિ અગાઉ પણ દલિત શહેર કોંગ્રેસ પ્રમુખની આવી રીતે જ અવગણના કરવામાં આવતી હોવાથી રાજીનામુ આપ્યુ હોવાનો ઉલ્લેખ પણ કર્યો છે.

કલોલ શહેર કોંગ્રેસના પ્રમુખે આપેલા રાજીનામા પછી જિલ્લા સમિતિમાંથી પણ આગામી દિવસોમાં રાજીનામા આવશે તેવી વાતો કોંગ્રેસના આંતરિક વર્તુળોમાં થઈ રહી છે.

### વસાહત મહામંડળ ગાંધીનગર દ્વારા

# સેકટર-૨૧ના માર્કેટમાં ઈકો-ફ્રેન્ડ્રલી બેગનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

ઘરવપરશ માટે પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ અટકાવવા અને ઈકોફ્રેન્ડલી બેગનો ઉપયોગ વધે તે માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જયોતિ મહિલા મંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટના ઉપક્રમે સેકટર-૨૧ના માર્કેટમાં ઈકો-ફ્રેન્ડલી બેગનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ બુચ, જયોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન બુચ સહિતના પદાધિકારીએ જાહેર જનતાને પ્લાસ્ટિક મુકત ઘરવપરાશની થેલીઓ વાપરવા આગ્રહભરી અપીલ કરી હતી. આ અભિયાનમાં કોર્પોરેટર ગાંધીનગર મહાનગરપાલિકાના હર્ષાબા ધાંધલ, નીલાબેન શુકલ, મયુરભાઈ વ્યાસ, સુધીરભાઈ દેસાઈ, ભાનુભાઈ દવે, કિન્નરીબેન દવે, મનીષાબેન દવે, પ્રદીપભાઈ સોલંકી, સવિતાબેન ગોડલીયા, કે.પી. પરમાર, નિસર્ગ બુચ દિક્ષિતભાઈ વગેરેએ અંદાજીત ૫૦૦ ઉપરાંતની ઈકો ફ્રેન્ડલી બેગનું વિતરણ કરીને પ્રદુષણ મુકત ગ્રીનસીટીના આશયને સાકાર કરવા આયોજકોએ નાગરિકોને સમજણ આપી હતી.